૩૦૦૬/૨૦૨૯

તાત્કાલીક / સમયમર્યાદા

નંબર/અકન/કલમ–૨૮(એ)/વશી–૯૨૨/૨૦૧૯
અધિક કલેકટર(નર્મદા) અમદાવાદની કચેરી,
૨જે માળ, હોસ્ટેલ બીલ્ડીંગ,પોલીટેકનીક કંપાઉન્ડ,
આંબાવાડી,અમદાવાદ–૩૮૦૦૧૫
તા. ૧૦/૬/૨૦૧૯

પ્રતિ
ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી,
નર્મદા યોજના,ભાવનગર

વિષય : જમીન સંપાદન અધિનિયમની કલમ–૨૮(એ) હેઠળની મળેલ અરજીઓ અન્વયેના ડ્રાફટ એવોર્ડ મંજુર કરવા બાબત.
મોજે.નાસીતપુર , તા.વલ્લભીપુર જિ.ભાવનગર
જમીન સંપાદન કેસ નંબર –૪૫/૧૦

સંદર્ભ :– (૧) ખા.સ.જ.સ.અશ્રીના પત્રનબરએલએકયુ/ ૨૮–એ/૩૦/૧૯ તા.૨૭/૨/૧૯

(૨) સેકશન અધિકારીશ્રી, નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પત્ર નં. એલઆરભાવનગર/૨૦૧૮/૨૮–એ/૨૨૫/૬/મ તા.૪/૬/૨૦૧૯

ઉપરોકત વિષયે સંદર્ભનીય(૧) ની દરખાસ્ત અત્રેથી સરકારશ્રીમાં તા.૨૫/૩/૧૯ નોધ થી રજુ કરેલ જે સરકારશ્રીના સંદર્ભનીય(૨) ના પત્રથી મોજે.નાસીતપુર , તા.વલ્લભીપુર જિ.ભાવનગનગર જમીન સંપાદન કેસ નં.૪૫/૧૦ ના બ્લોક નંબર/સર્વે નંબર–૨૦૪ પૈકી ૨ ના ખેડુત ખાતેદારો ની જમીન સંપાદન અધિનિયમ ની કલમ–૨૮(એ) હેઠળના રુા.૩,૭૦,૭૯૦/– (અંકે રુપિયા ત્રણ લાખ સીતેર હજાર સાતસો નેવુ પુરા) (વળતર + ૩૦% સોલેશ્યમ + ૧૨ % વધારા સહિત અને વ્યાજ સિવાય) ના ડ્રાફટ એવોર્ડની શરતોને આધીન સૈધાંતિક મંજુરી આપેલ છે. (ઝેરોક્ષ સામેલ છે) તો તેમાં આપેલ નીચેની શરતો મુજબ કાર્યવાહી કરવા વિનંતી છે.

૧. વ્યાજ ની ચુકવણી જમીન સંપાદન અધિનિયમ–૧૮૯૪ ની જોગવાઈઓ અને નામ.ગુજરાત હાઈકોર્ટ સુપ્રિમકોર્ટના ચુકાદાથી નિર્ણિત થયેલ મુદ્દાઓ દયાને લઈ કરવા ની રહેશે
૨. વિધિસરની કબજા પાવતી રેકર્ડ પર ના મેળવેલ હોય તો મેળવી લઈ ને વળતરની ચુકવણી કરવી.
૩. એવોર્ડના ગણતરી પત્રકમાં વળતર મેળવવા હકકદાર તમામ વ્યકિતઓના જ નામ દર્શાવવા અને ચુકવણું તે મુજબ જ હકકદાર વ્યકિતઓને જ કરવું.

૪. એક સર્વે નંબરમાં એક કરતાં વધારે ખાતેદારો હોય અને અમુક ખાતેદારોએ અરજી કરેલ હોય તો તમામ ખાતેદારો ની સહી લઈ ચુકવણી કરવી.

૫. ખેડુત ખાતેદારોને ચુકવણું કરતા પહેલાં એવોર્ડમાં દર્શાવેલ દરેક બાબતોની નિયમોનુસારની જોગવાઈ મુજબની ફેર ચકાસણી અવશ્ય કરી લેવી.

૬. એવોર્ડની રકમની ગણતરીમાં કોઈ ભુલ ના રહી જાય તે માટે ફરીવાર એવોર્ડની ચકાસણી કરીને જ ચુકવવાની કાર્યવાહી કરવાની રહેશે.

૭. કાયદેસરના ખાતેદારોને દિન–૧૦ માં ચુકવણી કરવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે.

ઉક્ત સૂચનાઓના સમયમાં ચૂક થશે તો તે માટે સબંધિત કર્મચારી / અધિકારીની જવાબદારી રહેશે.

અધિક કલેક્ટર (નર્મદા)
અમદાવાદ

બિડાણઃ અસલ ફાઈલ

નકલ સવિનય રવાના : –સેકશન અધિકારીશ્રી, નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના તા.૪/૬/૧૯ ના પત્ર અન્વયે જાણ સારું